# ૧૫૧ - હીરા

## શ્રી મુસાફિર પાલનપુરીના ચુનિંદા શે'રોનો સંગ્રહ

03-2011

પ્રથમ ઇ – સંસ્કરણ

http://aksharnaad.com

A Gift from

http://vinelamoti.com

to

http://aksharnaad.com

# સંપાદકીય - રત્નવાટિકા જ નહીં, રસવાટિકા પણ... !

ગણમાન્ય વ્યક્તિઓને સન્માનવા એ આપણી પરંપરા રહી છે. એ સંદર્ભે લાડીલા શાયર - કવિ શ્રી મુસાફિર પાલનપુરીને જ્યારે સાંઈઠ વર્ષ થયા ત્યારે ષષ્ઠિ-પૂર્તિ-ઉત્સવ ઉજવવા જેવું કશુંક મિત્રોના મનમાં સળવળ્યા કરતું હતું, પણ સંજોગાધિન એ કાર્ય આરંભી ના શકાયું ! ગત વર્ષે જ્યારે મુસાફિર ભાઈને પાંસઠમું બેઠું ત્યારે ખાસ કરીને સહૃદયી મિત્ર ડૉ. શ્રી સુરેન્દ્ર ગુપ્તાએ કવિની જન્મ-તિથિનો ઉત્સવ ઉજવવાની ખાસ હઠ લીધી અને દબદબાપુર્વક

કાર્યક્રમની રૂપરેખા પણ મિત્રો સમક્ષ રજુ કરી, પરંતું કલાકારોની જન્મજાત ધૂની કેફિયત પ્રમાણે મુસાફિરભાઈએ ત્યારે કોઈ ખાસ મૂડ ન દર્શાવ્યો ને વાત હવામાં રહી ગઈ ! કલાકારની આવી નિર્લેપતાનોય આદર થવો જ ઘટે !

હવે જ્યારે ૨૧, જુન ૨૦૦૮ને મુસાફિરભાઈ છાસઠમાં પ્રવેશ કરે છે ત્યારે કવિ-શાયરનો જન્મોત્સવ જરા આગવી રીતે મનાવવા ડો. શ્રી સુરેન્દ્રભાઈ ગુપ્તા તથા અમો મિત્રોએ કવિને સંમત કર્યા છે. અમો સંપાદકોએ કવિની સમગ્ર ગઝલ કૃતિઓમાંથી ચુનંદા ૧૫૧ શેરોની પસંદગી કરીને આ પુસ્તિકા તૈયાર કરી છે. પુસ્તિકાનું શીર્ષક ૧૫૧-હીરા યથાર્થ છે કારણ કે કવિ મુસાફિર

પાલનપુરીના વિપુલ ગઝલ સર્જનરૂપી સાગરમાં મહાલતાં-મહાલતાં અને ડૂબકીઓ લગાવતાં હાથ લાગેલા રત્ન સમા ચુનંદા શેરો અમોએ આ પુસ્તિકાના પાને પાને ટાંક્યા છે ! કવિની મૂડી એના શબ્દનું તેજ હોય છે, એના ઝળહળાટ થકી કવિ સહૃદયોના દિલ-દિમાગને અજવાળી શકે. અહીં મૂકાયેલા કવિ મુસાફિરના આ બધા જ શેર કવિની સંવેદી ચેતનાનો અમૂલ્ય ખજાનો છે. પ્રતિભાશાળી ભાવકો માટે આ પુસ્તિકા રત્નવાટિકા જ નહી, રસવાટિકા પણ બની રહેશે.

ઉપરોક્ત ભૂમિકા સાથે અમો મિત્રોએ એવું વિચારેલ કે આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિનું સમગ્ર પ્રકાશન ખર્ચ એક-બે મિત્રો ઉપાડીલે અને તેવું થઈ શક્યું છે. પાલનપુરના ડો. શ્રી સુરેન્દ્ર ગુપ્તા તેમજ મુંબઈ સ્થિત પાલનપુરી સ્વજન શ્રી પીયૂષભાઈ કોઠારીએ સંપૂર્ણ પ્રકાશન સૌજન્ય દાખવ્યું છે. પણ વાત રહી કવિના જન્મદિનની ઉજવણી આગવી રીતે કરવાની ! કવિ અને સમાજના સંબંધો વચ્ચે શ્વસતો સાચો કલાકાર હંમેશા દશાંગુલ ઉર્ધ્વગતિધારી હોય છે. કલાકારના રથની ચારેકોર સત્યમ, શિવમ, સુંદરમની ગૂંજ હોય છે. પ્રશ્ન એટલો જ છે કે કયો સમાજ મન, હ્દય અને બુધ્ધિથી કલાકારને પામી શકે

છે? અને જે સમાજ તેમ કરી શકે તે સમાજ કલાકારને ખોંપી પણ શકે છે. સમાજના સુસંસ્કૃત હોવાની સાહેબી આને જ કહીશું ને, વારુ !

આખરે નક્કી થયું કે કવિ મુસાફિરના ૬૬મા જન્મદિનની ઉજવણી નિમિત્તે ઉક્ત પુસ્તિકાનું વિમોચન કરવું ને સમાજને એમાં હોંશભેર વાચક-ભાવક તરીકે સામેલ કરવો, વળી નક્કી કર્યું કે વિમોચન દિને ઓછામાં ઓછા છાસઠ હજાર રૂપીયાની પુસ્તિકાઓ સહૃદય મિત્રોમાં વિતરણ કરવી ! ક્રિકેટ-યુગમાં કવિતા પુસ્તિકા વિતરણની આ નવી દિશા શુભેચ્છક મિત્રોના સહકારથી અમો ઉઘાડી શક્યા છીએ તેનો પરમ સંતોષ છે. સર્જનયાત્રાના રથે બિરાજમાન કવિ

મુસાફિર પાલનપુરીનું શબ્દપ્રેમીઓએ હંમેશા હર્ષભેર અભિવાદન કર્યું જ છે, ત્યારે આપને સૌ કવિના છાસઠમાં જન્મદિને શતમ જીવેમ શરદઃ પાઠવીએ. મૂળ વાત રૂપિયા - પૈસા, ઉત્સવ - ઉજવણી, વિમોચન કે વિતરણ કરતાંય મનુજ અવતારે ક્યાંક આપણને સત-શબદનું અજવાળું લાધે એ પરમ-કામના સહ,

**- સંપાદકો**

## ઋણ કદરદાનીનું... !

દરિયો, કદીક સહરા, તિમિર, તેજ, છાંય, ધૂપ,
ઈશ્વરની જેમ જોઉં છું મારા અનેક રૂપ.

બેજ પંક્તિમાં વણાયેલ ગઝલનો શે'ર જીવન-મૃત્યુ, પ્રેમ-સૌંદર્ય, સંસાર અને આધ્યાત્મના બે સહસ્યોને સરળતાથી ખોલી આપે છે. જેમ કે :-

આમ તો પ્રીત એક વ્યાધી છે,
જીરવી જાઓ તો સમાધિ છે.

ઘણા એવાય છે વલખે છે જેઓ શ્વાસ માટે,
પ્રભુનો પાર માની લે કે તારા શ્વાસ ચાલે છે.

આજના સંયમ વિહીન, સતત દોડી રહેલ અને જીવમાત્રને દોડાવી રહેલ સમયમાં દીર્ઘ કવિતાઓ વાંચવા-માણવાની નવરાશ ક્યાં છે મનુષ્ય પાસે?

એટલે જ આ એક પૃષ્ઠની ધવલ ટ્રે માં, શે'ર રૂપી હીરાને સજાવી, સંપાદકશ્રીઓએ રસીક હ્રદયો સમક્ષ મૂકેલ છે.

પુસ્તિકાના પ્રકાશનનો તમામ ખર્ચ ઉપાડી લઈ ડો. સુરેન્દ્ર ગુપ્તા અને શ્રી પીયુષભાઈ કોઠારીએ અતિ મહત્વનું યોગદાન કરેલ છે. તો તમામ પ્રતોને હોંશભેર વધાવી લઈ અન્યત્ર યાદી આપેલ છે તે તમામ સુજ્ઞજનોનો આભારી છું. વિમોચન પ્રસંગને ઓપાવવા ખાસ ઉપસ્થિત રહેલ અઢળક ખ્યાતી પ્રાપ્ત સર્જક ડો. શરદ ઠાકર અને કવિ કૃષ્ણ દવેનો પ્રેમ અંતરમાં સ્થાપું છું.

સંપાદકશ્રીઓ સહિત પુસ્તિકા અને પ્રસંગ ઉભય સાથે જેમની લાગણીઓ જોડાઈ છે એ તમામ ઉર્મિઓનું ૠણ શીરે ચઢાવી હર્ષિત છું.

જો, મુસાફિરને કે વતનમાં પણ
કોણ કે છે કદર નથી જ નથી !

૨૧-જૂન : ૨૦૦૮, છાસઠમો જન્મ દિવસ

**- મુસાફિર પાલનપુરી**

આ અસ્ત-ઉદયની લીલાથી
બસ ! એજ મને સમજાણું છે,
માણો તો જીવન છે રમ્ય ઉષા
થાકો તો એ સંધ્યા ટાણું છે.

જીવનમાં ખૂટે ના હામ,
નહિતર સમજો ખેલ તમામ,

લાખો સલામો એ ચહેરાને,
જોઈને સુધરી જાય સવારો.

છોડ ભટકવું જ્યાં ત્યાં આમ,
તું પોતે છે પાવનધામ !

શ્વાસે શ્વાસે લાખ ઉચાટ,
જીવન જાણે હલ્દીઘાટ!

ઘાવ સહો ને સ્મિત વહાવો,
જીવનનો એ પણ છે લ્હાવો.

દુશ્મન જેવો શબ્દ દિસે જ્યાં,
એ પાનું જલ્દી ઉલ્ટાવો.

પ્રેમની એક અસલ ચિનગારી,
એ જ છે મીરાં ! એજ મુરારી!

ફૂલ બની જીવો તો સાચા,
જીવન છે ધગધગતી ક્યારી.

ઘણી વેળા તો એવા દંભથી વર્તે છે આ દુનિયા,
મળે છે શ્વાસ પણ જાણે કે એની મ્હેરબાનીથી !

ઊભો છું તારે દરવાજે,
આપ હવે જે તુજને છાજે.

સિંધુઓ લૂંટાવવા જેની પ્રણાલી હોય છે,
એમના પ્યાલા ઘણીયે વાર ખાલી હોય છે.

રહો સંસારમાં કિન્તુ કંઈક એવી રીતે જીવો,
કોઈ પર્વત ઉપરથી જેમ નિરખી લે સપાટીને.

એમાંય શી મઝા કે પ્રશસ્તિ જ સૌ કરે,
ટીકાઓ પણ થવી જ ઘટે પાંચ સાતમાં.

એમાંય વ્યગ્રતા છે, તને નહીં ખબર પડે!
સુખ એટલે સજા છે, તને નહીં ખબર પડે!

ક્યારેય ઘેન એનું ઉતરતું નથી ઓ દોસ્ત !
આ શ્વાસ પણ સુરા છે, તને નહીં ખબર પડે.

એવું એ જણ જીવી જાણે,
જેવું જેવું જેનું પોત !

નજર જ્યાં પણ પડી દુનિયા જ
કાદવ લઈને ઊભેલી
પ્રભુ પાડ કે ચાદર અમારી
થઈ નથી મેલી !

હશે એના સમો જગમાં અભાગી કોણ? કે જેણે,
બધુંયે સાચવ્યું ને ખાનદાની ખોઈ નાખી છે.

જે મળે છે એ નવો આઘાત અર્પી જાય છે,
ખૂબ ભારે થઈ પડે છે નમ્રતા ક્યારેક તો !

વિચાર્યું'તું કે હું નિર્લેપ ભાવે વિશ્વને ચાહું,
કહું કોને કે એ પાગલ વિચારે શું કરી નાખ્યું?

દિલને  દુભાવી કોઈના નિર્ભય ભલે કરો,
ઊંડે ને ઊંડે કૈંક તો થાતું જ હોય છે !

ઉન્નત રહે બસ ! એ જ પ્રથમ એનો ધર્મ છે,
મસ્તક છે મૂલ્યહીન જો ઊંચું ન હોય તો.

દુનિયાથી તકરાર? જવા દો,
કાદવમાં ખરડાવું પડશે.

હોય નહી જો દાનત ભૂંડી,
આજે પણ આવે છે હુંડી.

વિચાર્યું તું કે દઈ દઉં ઈંટનો ઉત્તર હું પથ્થરથી,
પરંતું મુજને મારી ખાનદાની યાદ આવી ગઈ.

એવા પણ બેચાર મુસાફિર મિત્ર
જીવનમાં પામ્યો છું,
જેમની વચ્ચે હોં તો લાગે
ભગવાનોની વચ્ચે છું.

ગુલાબી સ્મિત ના કરમાય તારું મિત્ર ! સાચવજે,
અહીં તો જે મળે છે એના પાલવમાં ઉદાસી છે.

દુઃખોને રડ ન ઓ પાગલ ! દુઃખો તો સૌને ભાલે છે,
મળ્યો છે દેહ માનવનો પછી કઈ ખોટ સાલે છે?

ઘણા એવાય છે વલખે છે જેઓ શ્વાસ માટે,
પ્રભુનો પાર માની લે કે તારા શ્વાસ ચાલે છે.

મંઝિલોને શોધવા તું જાય? એમાં શી કમાલ!
કૈંક એવું કર કે શોધે મંઝિલો તારું શરણ.

ઉત્કર્ષ મારો જોઈને આડા પડી ગયા,
મોઘમ હતા મિત્ર ઉઘાડા પડી ગયા.

કવિ છું, ભાગ્ય એક જ સ્પર્શથી ઉઘડી જશે તારું,
નિરાશા ! આવ તારી પીઠ પર હું હાથ પસરાવું.

ગગનને આંબવાની છેલછાઓ જેણે રાખી'તી,
પડ્યા છે એ બહું ઊંડે કબરની ધૂળ ચાટીને.

બહારની જ્વાળાનું ય વિચારો,
પણ એ પહેલાં ભીતરની ઠારો.

જીવનમાં એજ કૃત્ય અધમ આચરી શકે,
જેઓનું લોહી લાલ નથી પણ સફેદ છે.

હાય ! અભાગી એ જીવન,
ક્યાંય ન જેની સાલે ખોટ.

નહીં જોવાય મુજથી મારા દુશ્મનનું દુઃખી થાવું,
પ્રભુ ! સાચવજે કે મારે બહુ ઊંચે નથી જાવું.

હશો ના દોસ્તો ! મુજને કલંકિત આમ ભાળીને,
તમારા હાથ પણ ક્યાં સ્વચ્છ છે કાદવ ઉછાળીને.

ગયા મિત્રોને મળવા ને કરી ચર્ચા શત્રુની?
ગજબ છે બાગમાં જાઈને તમે કાંટા લણી આવ્યા.

હો ગમે તેટલું રમ્ય આ જીવતર,
કાચઘર! કાચઘર! કાચઘર! કાચઘર!

લંબાવીને હાથ શું કરશો?
દુનિયા છે પેતે જ બિચારી.

સિધ્ધિની એકાદ વસંતે
મિત્ર બધા પરખાઈ જવાના,
ફૂલ હશે એ ખીલી ઉઠશે
કાંટાઓ કરમાઈ જવાના.

દુનિયા પાછળ અંધી દોટ,
એટલે આંસુ, પીડા, ચોટ.

તરણનું જોમ તો પેદા કરી લો, એ પછી જોજો,
કિનારાઓ સ્વયં સત્કારશે બહુ પ્રસારીને.

રહે છે સિધ્ધિનો આધાર સૌની આવડત ઉપર,
કશું ના થઈ શક્યા એ છેવટે નીંદક બની બેઠા.

કરાવી દે ઓ સૂરજ ! એમના અસ્તિત્વનું દર્શન,
ઘણા ખાબોચિયાં ખુદને સમંદર જેમ માને છે.

લાગે પૂનમ ઘોર અમાસે,
કોણ વસ્યું છે શ્વાસે શ્વાસે! ?

કોઈ કોઈનું મોહક નામ,
ઘેન નસેનસમાં અવિરામ.

હજાર ચાહકો, પ્રેમી - હ્રદય ઘણા જ હશે,
પરંતુ સમજી શકે અમને એ ખુદા જ હશે.

યાદો જ માત્ર કોઈની જીવનમાં ખાસ છે,
બાકી તો જેટલું છે એ પીડા છે, ત્રાસ છે.

આમ તો પ્રીત એક વ્યાધી છે,
જીરવી જાઓ તો સમાધિ છે.

પ્રેમ જોવો છે ? તો દ્વારે આવકારીને જુઓ,
એ ન લાગે ઠીક તો જાતે પધારીને જુઓ.

આ તો પ્રણયનું દર્દ છે, કોનું ગજું ખમી શકે?
સૃષ્ટીમાં  શોર થઈ ગયો, બ્રહ્માંડ ખળભળી ગયું.

છલકે છે રોમેરોમથી રંગત ગુલાલની,
તું પણ છે એક ચીજ ખરેખર કમાલની!

જેને કહે છે સ્વર્ગ આ સંસારીઓ બધા,
એ માત્ર બે હ્રદયના મિલનનું નામ છે.

પ્રમ છે જેનો મંત્ર ખરેખર,
એનું આખું જીવન અવસર.

દિલમાં પ્રેમની માદક લ્હેર,
જાણે કૃષ્ણ સુદામા ઘેર !

પામી ગયો જે સ્થાન જે તમારી નજર મહીં,
એની નજરમાં સ્વર્ગ નથી કંઈ વિસાતમાં.

રૂપ તારું કીકીઓમાં ના ભળે,
આંખના દીવા કદી ના ઝળહળે.

યાદમાં તારી જે વીતે છે,
એ જ સમય છે ખાસ જીવનનો.

ન જાણે કોણ, ક્યારે આવી ઘૂંટીલે અઢી અક્ષર,
બને તો સ્વચ્છ રાખો હરઘડી હૈયાની પાટીને.

પ્રેમ છે સૌથી ઉજ્જર યોગ,
જે ના સમજે એના ભોગ.

સ્નેહ અને સૌંદર્ય તણી જ્યાં આવન જાવન,
એજ ગલી ઓ મિત્ર ! અમારે મન વૃંદાવન.

ભલે દૂર દૂરે વિહરતો રહે છે,
છતાં ચાંદ આંખોમાં તરતો રહે છે.

સમજો તો અર્ક છે એ અઢારે પુરાણનો,
કહેવાને માત્ર પ્રેમના બે બોલ હોય છે.

કહું છું ક્યાં કદી એવું કે બારેમેઘ થઈ વરસો,
તમારી પ્રીતના એકાદ વાદળને રડું છું હું.

ખૂટી ગઈ જો હામ તો ધીરજની હદ મળી,
ગુમ થઈ ગયા તો કોઈની ગેબી મદદ મળી.

ભલે ને રૂપ ફરતું હો' ગમે તેવી ખુમારીમાં,
પ્રણયને દ્વાર એનું પ્રાણ પાથરવુંય જોયું છે.

આમ તો છે સૌ ચહેરા સૂર્યન કિરણ જેવા,
આપ કિન્તુ ! છો એમાં ખાસ અવતરણ જેવા.

પ્રેમ નામે જે એક પાનું છે,
અંતમાં એજ જીતવાનું છે.

ડગર છે આ તો પ્રણયની સભાન ઓ પાગલ !
સિકંદરોએ બસ ! અહીંયા જ ધૂળ ચાટી છે.

મુગ્ધ થઈ એટલે જ ચૂમું છું,
પુષ્પ તારું પ્રતિક લાગે છે.

તમને જોયાં ને તૃપ્ત થઈ આંખો,
કેટલા ભવની એ હથી પ્યાસી.

હો' કોઈ પણ અદામાં અમને માત્ર તારા
દર્શનની ઝંખના છે,
ઝુલ્ફોને તું વિખેરે, પાંપણને તું ઝુકાવે
અમને બધું જ ફાવે.

આવે છે પ્રેમ પંથમાં એ પણ પરિસ્થિતિ,
ફૂલો તો શું, સુગંધથી હૈયું ઘવાય છે.

રણ સમા આમ તો જન્મ પ્યાસા અમે,
તમને જોયા પછી તરબતર ઈ ગયા.

તમે તો ફૂલ ફેંક્યું'તું અમસ્તું સ્મિત વેરીને,
તમોને શી ખબર કે એ પ્રહરે શું કરી નાખ્યું!

પ્રેમની ધારાઓ જ્યાંથી નિત્ય ઝરતી હોય છે,
એજ નજરો જીંદગી બરબાદ કરતી હોય છે.

યાદને તારી વિસરવા એક જ ભવ ઓછો પડે,
આ અગનજ્વાળાને ઠરવા એક ભવ ઓછો પડે.

તમને મનભરી ન ચાહી શક્યો
મને માફ કર ! મને માફ કર !
હથી બંદગી ન કરી શક્યો
મને માફ કર ! મને માફ કર !

ગયા જે પ્રેમમાં હારી એ ભવ હારી ગયા સમજો,
સફળ હો લાખ જીવન પણ સફળ હોતું નથી પ્યારા!

લજ્જામાં એની ગૂંજતો કિલ્લોલ હોય છે,
નીચી નજરનો માર મરણતોલ હોય છે.

પ્રેમમાં મતપૂછે કેવા હાલ સૌના થાય છે?
કે અહીં તો ખૂદ ચિકિત્સકની ચિકિત્સા થાય છે.

હૃદય કે જેની કરૂણા પ્રચુર માટી છે,
કોઈના પ્યારની એમાં જ લાશ દાટી છે.

અમારી આંખમાં તો ઢાઈ અક્ષરની જ ભાષા છે,
નહીં સમજાય એને જેની ગણતરન?ઈ જ ભાષા છે.

બાંધો પ્રેમની કંઠી ડોકે,
આંચ ન આવે ચોદલોકે.

નીંદર ગઈ, ખુમાર ગયો, ચેન પણ ગયું,
લાગે છે આજ પ્રેમની સાચી સનદ મળી!

ઘોર અંધકારેથી રોશની મળી આવી,
મોતનું મનન કરતાં જીંદગી મળી આવી.

ગયા છે એવા અંજાઈ કે કંઈ નિરખી નથી શકતા,
કથિરને પણ હવે લોકો કથિર માની નથી શકતા.

મીણ છે મીણ આ સકળ બ્રહ્માંડ,
આમ દેખાવે ઢાલ જેવું છે.

દ્રષ્ટિ છે જેની દિવ્ય એ નિરખી શકે નિઃશંક,
ઈશ્વરનો અંશ હોય છે માણસની જાતમાં.

એ કહ્યું કોણે કે અમને શૂળ ભોંકાયા નહીં,
પણ સુમન કરતા ગયા એ ઘાવ રૂઝાયા નહીં.

દિવ્ય ચક્ષુ વડે એક કૌતુક અમે નિત્ય જોયા કર્યું,
પ્રેમની મહેફિલે પાપ સામે ઘણા પુણ્ય ઝાંખા પડ્યા.

ગણીને તુચ્છ અન્યોને ઉતારી પાડનારાઓ!
તમારા હાથમાં પણ એક દર્પણ હોય તો સારું.

કૃપાઓ કેટલી વરસી રહી છે ક્રૂર કળિયુગની,
ઘણાયે દુર્જનો આ દોરમાં શ્રીમાન કહેવાયા !

ખોવું જ અહીં નો ધર્મ કે આ પ્રેમ પંથ છે,
હોઠે કદી ન લાવ કશું પામવાની વાત.

યાચક બનવું છોડ ઓ જીવન !

કૈંક મર્યા છે આમ કમોત.

જો થઈ ગયું છે પાપ તો પસ્તાવતાં તો શીખ,
એની કૃપાના દ્વારને ખોલાવતાં તો શીખ.

ગુપ્ત રીતે તો કદી સાવ પ્રગટ આવે છે,
દૂર થઈને જ ઘણા લોકો નિકટ આવે છે.

પ્રથમ પ્યાર મળશે આ સંસારથી,
પછી પીઠ પાછળ પ્રહારો થશે.

કલમનો સંગ લીધો, અક્ષરી અજવાસ લઈ લીધો,
અમે સંસારમાં રહીને પરમ સન્યાસ લઈ લીધો.

તલસાટ છે, તૃષ્ણા છે, તિતિક્ષા છે, તડપ છે,
આ આખું જીવન જાણે છે કે શાકુંતલી તપ છે!

ડૂબ્યો નથી તું નિજમાં ઊણપ એ જ માત્ર છે,
એકાન્ત પણ સભા છે, તને નહિં ખબર પડે.

પ્રાણ પોતે ન હોય ઉલ્લાસી,
લાગશે સુખ તમામ આભાસી.

જેને મંઝિલ ગમે,
ઠોકરો પણ ખમે.

નવિન રૂપ ધરીને અધર્મ આવ્યો છે,
હવે તો કંસના મોંઢે 'યદા યદા' જ હશે.

ખરેખર ભેળવ્યું છે કોઈ મોહક તત્વ વાટીને,
નહિંતર આટલી ખેંચે નહી માટી ક માટીને.

વાસ અમારો અક્ષર ઘાટે,
તેજ ન પ્રગટે કેમ લલાટે!

લઈ જાય છે કલા જ સ્વયં દૂર દૂર પણ,
અમને વૃથા પ્રચારની ક્યાં છે જરૂર પણ.

દરિયો, કદિક સહરા, તિમિર, તેજ, છાંય, ધૂપ,
ઈશ્વરની જેમ જોઉં છું મારા અનેક રૂપ.

ધૂમ્રનો નાશ જુઓ થાય છે ઊંચે જઈને,
એકદમ ઊંચે વિહરવાના પ્રયત્નો ન કરો.

હતું ઈન્સાન થઈને જીવવું એક શાપ સંસારે,
સલામો એમને જેઓ અહીં ઈન્સાન કહેવાયા.

દંશે જો કદી એ તો મરે છૂટકો મિત્રો !
સુખ જેને કહે છે એ બહુ ઝેરી સરપ છે.

ભલે નિષ્ફલ રહ્યા, થાકી ગયા એ ગૌણ ઘટના છે,
સલામો એમને જેઓ કિરણને શોધવા નિકળ્યા.

કહું છું એવું ક્યાં એક જ સ્વજનની ખોટ સાલે છે,
તમારા વિણ તો આખી અંજુમનની ખોટ સાલે છે.

નસે નસને પરમ તત્વે ભળી જાવાની તૃષ્ણા છે,
અને આ મન બિચારાને અમર થવાની તૃષ્ણા છે.

ન પીવાની ગતાગમ છે કે ના પાવાનો આશય છે,
ગજબ છે એમના અધિકારમાં આખું સુરાલય છે.

મુકદદરનું વલણ ઓ દોસ્ત ! જો બદલાઈ બેસે છે,
તો ઠોકર વિશ્વને દેનાર ઠોકર ખાઈ બેસે છે.

વિણ પરિશ્રમ મળે જેને સિધ્ધિ
એ કદર એની ક્યાંથી પિછાણે?
મૂલ્ય ફૂલોનું એને જ પૂછો
શૂળ ભોંકાય જેના ચરણમાં.

બસ ! એજ કહી રહી છે તેને ડાળ ઝૂકેલી,
તું પોતે ઝૂકી જા તો ઝૂકી જાય જમાનો.

મૂલ્ય કર્યું છે જાતે ખોટું,
ભાવ નહીં ઊંચકાય તમારો.

બોજ છે સઘળો માત્ર અહમનો,
નહિતર જીવન ફૂલનો ભારો.

જ્યારે પ્રસિધ્ધિઓની તરસ લાગશે તને,
ત્યારે તો મૃગજળોય સરસ લાગશે તને.

ઓ મિત્ર ! જો અમારી નહીં હોય હાજરી,
સૃષ્ટી તો ઠીક, સ્વર્ગ નિરસ લાગશે તને.

કદી આંગણ ભણી જોયું, કદી ઘરની દયા આવી,
તમારા વિણ ઘરે આવેલ અવસરની દયા આવી.

સૌંદર્યને જરૂર શી પોકળ પ્રચારની?

આ ચાંદ પણ અબોલ છે, આ ફૂલ પણ અબોલ.

છે સત્ય એ સનાતન સમજી જવું પડે છે,
તરવાને માટે પહેલા ડૂબી જવું પડે છે.

કોઈ ઉત્તરની ખેવના જ ન કર,
આખું જીવન સવાલ જેવું છે.

પ્રેમ મુસાફિર ! કેવળ પ્રેમ,
મોક્ષની છે બસ ! એકજ વાટ.

બધાયે વૈભવોનો સાર છે એ સમજીને બેઠા છે,
હિમાળે હાડ ગાળે છે, એ કંઈ પાગલ નથી હોતા.

અન્યો પર હસ્તા જ રહ્યા છો,
કોણ તમારી પાછળ રડશે?

એને ખબર શી હોય જે ભટકે છે ભીડમાં?
એકાન્તવાસીઓનું ભ્રમણ ઓર હોય છે.

ઝાંખી છે એની સામે કુબેરોની સાહ્યબી,
આપ્યું છે પ્રેમતત્વ જે દાતા એ દાનમાં.

હોય એ કંચનના મિત્રો ! કે કથિરના હોય પણ,
જે દિવસ વીતી ગયા એને ન સંભારો ઘણા.

આંખ અબ્ધિથી કમ નથી પ્યારા!
આંસુ સમજી શકો તો સ્વાતિ છે.

મૌન યદિ માથું ઊંચકે તો,
ગ્રંથોને શરમાવું પડશે.

ઝળકે હજાર સૂર્ય, શશિ વ્યોમ પર ભલે,
અજવાળે ભાગ્યને એ કિરણ ઓર હોય છે.

દ્રષ્ટિ મળી હો' દિવ્ય એ વાંચી શકે નિઃશંક,
બ્રહ્માંડ આખું એક ઉઘાડી કિતાબ છે.

પ્રસિધ્ધિની આ ચૂંદડી છે ન ભૂલો,
સતત રંગ એનો ઉતરતો રહે છે.

હ્રદયની ધડકનો, સિંધુનો રવ ને મૌન ફૂલોનું,
નથી બીજું કશું એ, કિન્તુ ! ઈશ્વરની જ ભાષા છે.

જે ઘડી થઈ જાય છે લાચાર મરજીવો કોઈ,
કાયરોના મુખ ઉપર ત્યારે ખુશાલી હોય છે.

સિધ્ધિરૂપી રામ તને સામેથી મળશે,
રોમ રોમ પ્રગટાવ પ્રથમ શબરીનું ઝંખન.

બંધ આંખોની જ કેવળ એ બધી લીલા હતી,
આંખ ઉઘડી કે પ્રથમ દ્રશ્યો જ દેખાયા નહીં.

સાવ મેલી તોય માની ગોદ છે,
માન ચાવન એને ચારેધામથી.

કર્મ હો કાળા કબીરા !

શું કરે માળા કબીરા !

સંસારી સંબંધ છે પ્યારા !
ખાલી ખાલી ખૂબ ખખડશે.

બ્રહ્માંડને જાણું છું, નથી જાણતો નિજને,
છે મુજમાં ઊણપ કોઈ તો બસ ! આ જ ઊણપ છે.

ખરેખર લઈ જશે બસ ! એજ રસ્તો સ્વર્ગને દ્વારે,
ન જો નફરતથી ઓ પાગલ ! કદી આ દુનિયાદારીને.

દૂર સિમાડેથી કોઈની આવી લાશ ત્રિરંગો ઓઢી,
મરવું હોય તો આમ જ મરજો, મારી તમને એજ અરજ છે.

જે સત્ય મિસાદિર નક્કર છે પ્રગટે છે સદા ધીરેધીરે,
વંટોળની પેઠે વિકસે એ સમજી લો નર્યું જુઠ્ઠાણું છે.

For More Gujarati E-books

Visit aksharnaad's

download page at

**http://aksharnaad.com/downloads**